# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

દારૂ હેરાફેરીમાં અંતે પોલીસ પકડાય છે,
સટોડિયાની અટકમાં પોલીસ અકળાય છે
જકડાય આખું તંત્ર 'વિશાલ' જાસા-ખંડણીમાં
નીચેથી ઉપર સુધીમાં પોલીસ સંકળાય છે

## હાઈકુ

મત-વિસ્તારે
કરી ગયા ઉજવણી -
ચેટી-ચાંદની..
(મિટીંગોનો યોગાનુયોગ)

બને શિકાર
બહુમત શૌર્યની
લઘુમતિઓ..
(ધાર્મિક સ્થળોમાં ભાંગફોડ)

## ચિંતન

**બુદ્ધિમત્ત્વા ભિમાનઃ કો ભવેત્ પ્રજ્ઞાપજીવિનમ્ ।**
**અન્ય દીયૈરલંકારૈર્નાહંકારો વિભૂષણે ॥**

'બીજાની બુદ્ધિ પર ચાલનાર વ્યક્તિ-એટલે કે બીજા બુદ્ધિશાળીની સલાહ સૂચના પ્રમાણમે જ નિર્ણયો લઇ તેને અનુસરનાર વ્યક્તિ જો સારું પરિણામ મળે તો પણ એના માટે ગૌરવ અભિમાન કેમ લઇ શકે? દા.ત. કોઇ ગરીબ કોઇ અન્ય શ્રીમંતના દાગીના-આભૂષણ માગીને પોતાની જાતને શણગારે તો આવાં આભૂષણોનું ગૌરવ-અભિમાન એ કેવી રીતે કરી શકે?'

પારકાની બુદ્ધિ-સલાહ-સૂચના કે માર્ગદર્શન પર ચાલનાર સ્વતંત્રબુદ્ધિ પ્રમાણે કોઇ નિર્ણય કે સાહસ કરી શકતા નથી. આવી વ્યક્તિ કે જેણે બીજાની સલાહ પ્રમાણે જ કોઇ નિર્ણય કે સાહસ કર્યું હોય અને એમાં અજાણતાં જ કોઇ મોટી સફળતા મળી જાય ત્યારે એ સફળતાનો યશ જાતે લઇ શકવાની સ્થિતિમાં નથી હોતા.

ઉધાર-માંગી લાવેલા આભૂષણ પહેરનાર વ્યક્તિ જેમ પોતાની મર્યાદા જાણે છે તેમ...

## સુવિચાર

- જે જીવનમાં ભક્તિ નથી, જે જીવનની હસ્તી નથી, જે જીવનમાં ભકિત ભરી, ત્યાં ગમગીની વસતી નથી **- સંત પુનિત**
- દરેક માણસના જીવનમાં દુઃખ તો હોય જ છે, માણસ ડગલે પગલે ત્રસ્ત રહેતો દુઃખ, ડર, ભય ઘુંટાયા કરે જે લાંબે ગાળે સુખ શાંતિ હણે અને માણસ રક્તચાપ, હૃદયરોગ જેવી વ્યાધિનો ભોગ બને છે **- એસ. ભટ્ટાચાર્ય**
- વારંવાર ઇશ્વરનું નામ લઇને આપણે મંદિરો ગજવી મુકીએ છીએ, એ પોકારો ખરેખર તો ઇશ્વર માટેના નહીં, એ તો સુખ માટેના હોય છે **- રાજેશ વ્યાસ**
- જીવન સાફલ્યનો સાચો આધાર કોઠાસૂઝ (સમજ) છે.. ડીગ્રીઓ નહીં..**- ગુણવંત શાહ**
- ખાલી હાથવાળા, પણ ભરેલા હૈયાવાળા લોકો એજ દુનિયાને અંધકારમાંથી ઊગારી છે **- શાહબુદ્દીન રાઠોડ**
- 'અર્થ' (સંપત્તિ)ના ધોધ વચ્ચે પણ તમારી આંતરિક સંપદા અક્ષત રહે તો તમે સાચા અર્થમાં 'અમીર' **- રજનીશ**
- જેમ ફૂલ ખીલતાં તરત મધમાધી આપોઆપ આવી જાય છે તેમ ચારિશ્યશીલ વ્યક્તિ પાસે આત્મવિશ્વાસ, શ્રદ્ધા તથા ભક્તિભાવ આપોઆપ આવી જાય છે **- ફાધર વાલેસ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજે તો દાન-પુણ્ય-સત્કાર્યો પાછળ પણ દાનવીરો-ઉદ્યોગપતિઓ-ધનિકોની ખૂબ મોટી ગણતરીઓ હોય છે. એ તો કૌભાંડ પકડાય ત્યારે ખબર પડે! એટલે તો આજે નાનો માણસ સાચું અને હૃદયપૂર્વકનું દાન કરે તો પણ લોકો શંકાથી કહે છે કે કોઇક મોટો હાથ માર્યો લાગે છે!

એક વેરાન વિસ્તારના હાઇવે ઉપર એક ઝૂંપડીમાં વિધવા મા અને અપંગ પુત્ર રહેતા હતા. અપંગ પુત્ર કામે જઇ નો'તો શકતો તેથી મા એ તેને પુણ્યકાર્ય કરવાની સલાહ આપી હતી.

આ વેરાન માર્ગ પર કયાંક પરબ-તળાવ ન હતાં તેથી યુવાન આજુબાજુમાંથી પાણી ભરી પસાર થતાં બળદગાડાંનાં બળદો અને ઘોડાગાડીના ઘોડાઓને પાણી પીવડાવતો. પરબ તો ખરી જ કારણ કે પછી માઇલો સુધી કયાંક ગામ - કે તળાવ આવતાં ન હતા.

.. ત્યાં એ માર્ગ પર અજાણ્યો ઘોડેસવાર પસાર થયો. ઝૂંપડી પાસે આવ્યો પોતે પાણી પીધું. યુવાને ઘોડાને પણ પાણી પાયું. ઘોડે સવારે યુવાનના હાથમાં બે સિક્કા મૂક્યા. યુવાન કહે હું સેવા કરું છું એના પૈસા ન હોય! હવે આગળ જતાં પાણીની સુવિધા નથી માટે જ અહીં બેસી હું પાણીની સેવા કરું છું.. આ ભગવાનનું કામ છે.

ઘોડેસવારે અપંગની શ્રદ્ધા અને સેવાને મનોમન વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# રેસની રફતાર..!! નરેન્દ્ર મોદી બનવાનાં કલાસિસનું એડમિશન ઓપન..!!

**એક બે ત્રણ સ્થાન છોડી દે, નંબરની બધી બબાલ છોડી દે, જિંદગીમાં તો જ મજા મળશે, શું - કેમના સવાલ છોડી દે**
**સફળતા આવી ખભે બેસશે, ખોટી ખોટી તકરાર છોડી દે, સુખની ચાવી તને સાંપડશે, એક જરા નકાર છોડી દે**

એક આખી પેઢી શિક્ષણ લઈને ગધેડો બની છે અને હવે નવી પેઢી શિક્ષણ લઈને રેસનો ઘોડો બની રહી છે. પરિક્ષામાં ૧૦૦% તો આવવા જોઈએ, કરાટેમાં બ્લેક બેલ્ટ મળવો જ જોઈએ એ પછી ડાન્સ કલાસ એટેન્ડ કરવાનાં. ભગવત ગીતાનાં શ્લોક પઠન કરવાની સ્પર્ધામાં જોડાવાનું. શ્લોકમાં અર્થ ખબર ન પડે તોય મોંઢે કરવાના કારણ કે ફર્સ્ટ પ્રાઈઝ મળવું જ જોઈએ!! પછી ડ્રોઈંગ કોમ્પિટીશન હોય, છે, એમાંથી બહાર નીકળે એટલે ચાલ્યા તબલાં વગાડવાં... સંગીત વિશારદ બનવાં...

આલ્બર્ટ આઈન્સ્ટાઈન બનાવનારી કેટલીયે મસ્ટીનેશનલ સ્કૂલો બની ગઈ, પણ આલ્બર્ટ એ આઈન્સ્ટાઈન બનવાની સ્કૂલમાં ગયો નહોતો. એક અમિતાભ બચ્ચન સુપર સ્ટાર બની ગયો એમાં તો હજારો એક્ટીંગ સ્કૂલો ઊભી થઈ ગઈ. પણ અમિતાભ અભિનેતા બનવાની કોઈ સ્કૂલમાં ગયો નહોતો... હવે આ વેકેશનમાં બહુ જલ્દી નરેન્દ્ર મોદી તૈયાર કરવાનાં કલાસિસનું એડમિશન થવાની જાહેરાતો પણ લાગી જશે. અને વડિલો, માતા-પિતા લાખો રૂપિયાની ફી ભરીને એમના બાળકોને પાછા એડમિશન પણ લેવડાવશે! આજના વિદ્યાર્થીના શિક્ષણ માટે જેટલો ખર્ચ થાય છે એટલમાં તો એમના માબાપનું સંપૂર્ણ શિક્ષણ પતી ગયું હતું!!



Hello ફ્રેન્ડસ!

-સંજય થોરાત

hellogandhinagar@gmail.com

આજની શાળાઓ ઈન્વેસ્ટરોએ શરૂ કરી છે. જેવી ડિમાન્ટ એવી એજ્યુકેશન ફેકટરીઓ ખૂલી ગઈ છે. દરેક માબાપને એમના બાળકોને રેસનાં ઘોડા બનાવવા છે. અને આ માંગણીના આધારે જ વધારેમાં વધારે ભણતર વિદ્યાર્થીઓના મગજમાં ઘુસાડવાનું શરૂ થઈ ગયુ છે? દફતરનું અને મા-બાપ-શિક્ષકોના અપેક્ષા ભારનું વહન કરનારાં વિદ્યાર્થીઓ એટલે જાણે હરતી-ફરતી લાશો બનવા લાગી છે. બાળક બચારું થોડુંક રિલેક્સ દેખાય ત્યાં તો 'વૉટ ઈઝ સ્કવેર ઑફ ટ્વેલ્વ?' એવું પૂછીને એનું બાળપણ ચિરી નાંખવામાં આવે છે.



હમણાં એક કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને એક પ્રશ્ન પૂછેલો, 'તમારામાંથી કેટલા જણાં પરસેવો પડે ત્યાં સુધી રમે છે?' અને ત્યારે એકેય વિદ્યાર્થીનો હાથ ઊંચો નહોતો થયો.

આજના બાળકો એસીમાં જન્મે છે, એસીમાં મોટા થાય છે, એસીમાં ભણે છે અને એસીમાં ફરે છે... ચિપ્સ ખાય છે અને સોફ્ટ ડ્રિંક્સ પીવે છે. મોબાઈલમાં ગેમ રમે છે અને ફેન્ટસી લાઈફમાં જીવે છે. તડકો - વરસાદ - ઠંડી સાથે એમને કોઈ સંબંધ નથી. પડવું - વાગવું - છોલાવું - પગમાં કાંટો વાગવો, કપડાં મેલા થવાં, રમતમાં હારવું એમાંનું કશુંય એમને ખબર જ નથી! સ્કૂલ બસ જો ન આવે તો એમની શાળા સુધી ચાલતાં જવાની એમનામાં તાકાત જ નથી. ઉંમરનાં છ વર્ષ પૂરા થતાં સુધીમાં તો બે આંખો સ્કિમમાં ચશ્મા સાથે આવી જાય છે. શરીર કાં તો એકદમ દુબળું પડે છે અથવા તો એકદમ જાડા થઈ જાય છે...

પિત્ઝા, બર્ગર, સેન્ડવિચ જેવાં પદાર્થો પેટમાં જઈને વધારે સમય ટકી અંદરના પોષક તત્ત્વો શોષી લે છે. ૪૦-૫૦ વર્ષની વય પછી દેખાતો ડાયાબિટીસ ૧૬-૧૮ વર્ષની વયે દેખાવા લાગ્યો છે... સિંગદાણા, ચણા, મકાઈ, સોજી, ચોખા, બાજરી, સુકો મેવો અને ફળોમાં પેલા ઘાતક તત્ત્વો હોતા નથી. શિરો, સત્તુ, પૌંઆ, ઉપમા કે ઘરમાં બનેલી ઈંડાની આઈટમો બાળકોને ઉત્તમ પોષણ આપે છે. એ ન મળતાં એમનો વિકાસ થતો નથી. પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે... શરીર એ વિશ્વનું સૌથી મોટું કારખાનું છે. એને યોગ્ય આહાર અને કષ્ટ મળે તો કયાંક તૈયાર ન થઈ શકે એવું લોહી તૈયાર થાય છે. લીલાં શાકબાજી - ભારતીય જમણ સાથે જીવનારી પેઢી સૌ વર્ષ જીવી ગઈ અને આજે બધી વ્યવસ્થા હોવા છતાં ૬૦ વર્ષે આંટા આવી જાય છે અને એય અનેક રોગો અને દવાની સાથે ફરતી ડિસ્પેન્સરી જ બની જાય છે!

રમત, વ્યાયામ, રખડપટ્ટી અને દર્જેદાર વાંચન ન કરવાથી બાળકોને માનસિક ઉણપ વર્તાય છે. સંઘર્ષ ખબર પડતો નથી અને ટીમવર્ક સમજાતું નથી. મિત્રો ફક્ત વૉટ્સએપ અને ફેસબુક પર જ મળે છે. પ્રત્યક્ષ મુલાકાત થતી નથી. સુખ-દુખની લેણદેણ થતી નથી. મિત્રોનો માનસિક આધાર મળતો નથી. દિલફાડ હસવાનું અને પોક મુકીને રડવાનું માનસિક આરોગ્ય માટે સારું હોય છે. આ બંને વસ્તુઓથી આ બાળકો અજ્ઞાન છે... થોડુંક એમની ઈચ્છા વિરુદ્ધનું બને એમાં તો જિંદગી ટૂંકાવી નાખે છે. કેટલાંયના ઘરમાં સંતાનમાં એક જ દીકરો હોવાથી બીજા સાથે હળીમળી રહેવાની ટેવ જ નથી, ઘરમાં બહેન ન હોવાથી, બહેનપણી ન હોવાથી સ્ત્રી તરફ જોવાનો એવો દૃષ્ટિકોણ સંકુચિત બની જાય છે. આ બધી બાબતોનો શિક્ષણમાં કયાંક વિચાર કરાતો નથી!

ભારતીય શિક્ષણ પદ્ધતિ સર્વાંગી નથી એવું શિક્ષણવિદ્ કહેતા હતા એટલામાં તો શિક્ષણનો ધંધો શરૂ થયો. મોટા ઔદ્યોગિક એકમો ધરાવતાં નિરમા - અંબાણી - અદાણીએ સ્કૂલ - કૉલેજમાં ઈન્વેસ્ટમેન્ટ કર્યું અને શિક્ષણની ડિગ્રીઓની વ્યાખ્યા બદલી... એકાદી સ્ત્રી ગર્ભવતી બને ત્યાં જ આવનારા જીવનાં એડમિશનની તૈયારી શરૂ થઈ જાય છે. કૃષ્ણને જન્મ પહેલાં એના મારવાની તૈયારી મામાએ કરી હતી. હવે, બાળક જન્મે એ પહેલાં રેસની રફતાર માટે રેડનો ઘોડો બનવાની તૈયારી શરૂ થાય છે. છોકરો બોલતો થાય એટલે ડાયરેકટર ઈ બરાબર એમ.સી. સ્કેવર બોલવવાનું જ બાકી રહ્યું છે!

આવાં બાળકો ફોર્મ્યુલા તો ફટાફટ બોલી બતાવશે પણ એમની પોતાની ફોર્મ્યુલા કયારેય શોધી નહીં શકે. ગિટાર તો શિખી લેશે પણ પોતાની સંગીત રચના કરી નહીં શકે. લતા મંગેશકર, સચિન તેંડુલકર, મેરી કોમ, નરેન્દ્ર મોદીનું અનુકરણ અચૂક કરશે. પણ પોતાની ઓળખ ઉભી નહીં કરી શકે. કારણ એમને માત્ર અનુકરણ કરવાનું જ શિખવવામાં આવ્યું છે.

જીવન જીવવાની કળા, ગીત-સંગીતનો આનંદ, કુદરતી સૌંદર્યની ભવ્યતા, જૂના વિચારનો આધાર, નવા સંકલ્પનો નિર્માણ આ બધું જ જેને સમજાતું નથી. કારણ સારાં - સાચાં સાહિત્યને બજાર કિંમત ન હોવાથી જે વેચાય છે એનું જ જ્ઞાન બાળકોને મળે છે, અને એમાં જ એ પારંગત થાય છે. કેટલાકને કેમ્પસ ઈન્ટરવ્યુમાં ચાર લાખનું પેકેડ શરૂઆતમાં જ મળે છે... પણ એમાં દેશના હિતની વાત નથી માત્ર પેકેજ આપનારનું હિત થાય એવું જ જોવાય છે. નવી પેઢીને કદાચ મોટી પદવી મળશે, મોટા પેકેજ મળશે પણ ન તો જાતે જીવવાનો આનંદ લઈ શકશે ન તો બીજાને જીવવાની મજા માણવા દેશે!

આ વાતને જાપોન બરાબર સમજી છે, અને એટલે એ લોકો સ્કૂલમાં એસી લગાડતા નથી. ત્યાં વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીની જગ્યાએ પ્રેક્ટિકલ જ્ઞાન વધુ અપાય છે. વૃક્ષો-વેલાઓ પોતે જ પોતાનો ખોરાક કેવી રીતે તૈયાર કરે છે, એ પ્રક્રિયાને શું કહેવાય...? જેવાં પ્રશ્નો વિદ્યાર્થીઓને પૂછવાની જગ્યાએ સ્કૂલમાં અને ઘરે શાકભાજી લગાડવાનું શિખવાય છે. એ છોકરાઓને ઉછેરવાનું - સાચવવાનું શિખવાય છે. 'નિપ્પોન ટેકનોલોજી' એ કરેલા સર્વે પ્રમાણે આવું કરવાથી સ્કૂલના કેમ્પસનું તાપમાન ચાર ડિગ્રી ઘટ્યું છે. નાના બાળકો છોડવા સાથે ભાવનાથી જોડાયાં છે... જર્મનીના બાળકોની આંગળીઓ કુમળી હોય છે, એટલે એમને બીજા ધોરણ સુધી લખવા આપતાં જ નથી. પાંચમા ધોરણ સુધી પ્રેક્ટિકલ શિખવે છે, અને દસમા બાદ એમની ઈચ્છા આવડત મુજબના ક્ષેત્રમાં દાખલ કરાય છે... બધાંને સાયન્સમાં ધક્કો મરાતો નથી. અને છતાંય જર્મન ટેકનોલોજી વિશ્વ વિખ્યાત છે!

જાપાન-જર્મનીનમાં કામ વગરના વિષયો ભણાવતાં જ નથી... આપણો દરેક બાળક આવતીકાલે દેશ ચલાવશે એવી વિચારસરણી સાથે નેધરલેન્ડ દેશ પણ શિક્ષણ આપે છે, પણ એક સાથે અનેક વિષયોનો મારો નથી ચલાવતાં. ચારે દિશાથી અલગ અલગ વિષય અને વિવિધ વસ્તુ શિખવાની કલાસિસનો મારો તો માત્ર ભારત દેશ જ ચલાવે છે, અને વિદ્યાર્થીને સહન કરવું પડે છે. વેકેશન પડશે એટલે સ્કેટિંગથી સ્વિમિંગ અને મેમરી પાવરથી વૈદિક ગણિત બધાં જ કલાસિસ વાળાં દુકાન ખોલીને બેસી જશે... આમાં મામાનું ગામ કે વેકેશનની મજા તો ગાયબ જ થઈ ગઈ... બસ, બધાંને બધું શિખવું, અને રેસના ઘોડા બનવું છે, કયા કરે સાલા ટ્રેન્ડ વહી ચલ રહા હૈ...

**ચૂંટલો :**

પહેલાં જીવન જીવવા માટે ભણવું પડતું, આજે ભણવા માટે જીવવું પડે છે. વધારે જ્ઞાન, કલા, હુન્નર મેળવવા છોકરાઓ અહીંથી ત્યાં વિવિધ કલાસિસમાં દોડે છે, અને વાલીઓ એના પર પૈસા લગાડે છે, પછી એક રેસ શરૂ થાય છે અને જીવન જીવવાનું બાકી રહી જાય છે!

# વિચારોનાં વમળમાં અટવાયેલી એ ઘડીકમાં જલ્દી જલ્દી કાંકરા ફેંકતી તો ઘડીકમાં ધીમે ધીમે ફેંકતી હતી, હવે અનામિકા જરા અટકી તેણે તળાવમાં ઉંડાણ અને દૂર દૂર સુધી પ્રસરેલી જળરાશીને જોતાં જોતાં પોતાની જિંદગીનાં પાનાં ઉલટાવવા લાગી

## નવાં કલેવર

- નટવર હેડાઉ

આજે તેનું મન બહુ ઉદાસ હતું. ઘડીકમાં કોઈ મેગેઝીન કે નોવેલ વાંચવાની કરતી હતી તો ઘડીક ટી.વી. આગળ બેસી કોઈ અંગ્રેજી ફિલ્મ જોવાની કોશીશ કરતી હતી પણ તેનું મન કયાંક લાગતું ન હતું. બધી રીતે તેણે જીવને બહેલાવવાની કોશીશ કરી જોઈ. પણ બધું બેકાર હતું.

પછી એ ઊભી થઈ. બહાર ગાર્ડનમાં આવી ગઈ. તેણે રસોયણ માસીને એક કપ ચ્હા બનાવવાનું કહ્યું એન લોનમાં આંટો મારવા લાગી. આમ તેમ ફરતાં તે ખૂણામાં પડેલી ગાર્ડન ચેરમાં બેસી ગઈ. એટલામાં માસી ચ્હા લઈને આવી ગયાં.

'બહેન ચ્હા'

તેણે શૂન્ય નજરે તેની સામે જોયું અને તેના હાથમાં રહેલી ટ્રેમાંથી ચ્હાનો કપ લેતાં તેને જવાનો ઈશારો કર્યો. આમ તો ઉનાળાનો દિવસ હતો પણ હિમાલયના વિસ્તારોમાં બરફ પડ્યો હોઈ સવારથી વાતાવરણ વાદળ છાયુ હતું. થોડીવાર બફારો થયા પછી જોરદાર પવન ફૂંકાવા લાગ્યો હતો. તેના મનની જેમ જ આકાશ પણ ઉદાસીમાં આંસુ વહાવતું હોય એમ ટપ... ટપ... ટીપાં પડતાં હતા. તે વખતે ગરમ ગરમ ચ્હા પણ તેને મૂડમાં લાવી ન શકી. તે ગરમ ચ્હાના કપમાંથી નીકળતી વરાળને જોઈ વિચારવા લાગી. મારા મનની અગન પણ આ વરાળથી કમ નથી.

ચ્હા પીધા પછી પણ તા દિલદિમાગના વિચારોમાં કોઈ બદલાવ ન આવ્યો. તેથી તે ઉભા થઈ અને ગાડી બહાર કાઢી પ્રકૃતિ ઉદ્યાનની સામે સેકટર-૧ના નવનિર્મિત તળાવ તરફ ચાલી નીકળી. તેણે નોકરને કહ્યું કે મમ્માને કહી દેજે કે થોડીવાર માટે બહાર જઉ છું. વાતાવરણમાં ઠંડક પ્રસરેલી હતી. એ તલાવને કિનારે આવીને બેસી ગઈ. તેના મનમાં અજબ પ્રકારની બેચેની હતી. તલસાટ હતો, ઘુટન હતી. તળાવ પરથી આવતી ઠંડા પવનની લહેરખી પણ તેની આગને ઓછી કરી શકે તેમ ન હતી. ઉલ્ટું દિલમાં એક તૂફાન જગાવતી હતી. તે નાના નાના કાંકરા લઈ ધીમે ધીમે એક પછી એક પાણીમાં નાંખવા લાગી. જેવો એ કાકડાં પેંકે ત્યાં એક અવાજ સાથે પાણીમાં વલયો થતાં અને ફેંલાઈ જતાં.

વિચારોનાં વમળમાં અટવાયેલી એ ઘડીકમાં જલ્દી જલ્દી કાંકરા ફેંકતી તો ઘડીકમાં ધીમે ધીમે ફેંકતી હતી. હવે અનામિકા જરા અટકી તેણે તળાવમાં ઉંડાણ અને દૂર દૂર સુધી પ્રસરેલી જળરાશીને જોતાં જોતાં પોતાની જિંદગીનાં પાનાં ઉલટાવવા લાગી.

તે એક પૈસાદાર પિતાની પુત્રી હતી.તેના પિતા એક મોટા સરકારી અધિકારી હતા. મિસ્ટર તનેજા અનામિકાના પિતા હતા. તેમણે બે સંતાનો હતા. એક દીકરો અને એક દીકરી. તેમણે દીકરા અને દીકરી વચ્ચે કોઈ દિવસ ભેદ રાખ્યો ન હતો. ઉલ્ટું દીકરા કરતાં દીકરીને એ વધુ ચાહતા હતા. તેમણે પોતાના બંને બાળકો પર કયારેય કોઈ દબાણ કે પ્રતિબિંધ રાખ્યો ન હતો. પણ તેમના પત્ની અલ્પના બહેન હંમેશા તેમને કહ્યા કરતાં કે તમે બાળકોને બગાડી મુકશો. મોજમજા અને એશોઆરામ સાથે રાખવાનો એવો મલતબ પણ ન થવો જોઈએ કે તેમને દરેક પ્રકારની આઝાદી મળી જાય. બાળકો મોટાં થયાં છે. તેમને સારાખોટાની સમજ પડવી જોઈએ. પણ તનેજા સાહેબ હંમેશા તેમને ચુપ કરી દેતાં. અલ્પના તું ફિકર શું કામ કરે છે. જમાનો બદલાઈ રહ્યો છે. આપણાં બાળકો સમજદાર છે. તેમને તેમની જિંદગી જીવવા દે. હવે બંને બાળકો કૉલેજ જવા લાગ્યાં. કૉલેજમાંથી છૂટીને કયારેક મલ્ટિપ્લેકસમાં ફિલ્મ જોવા કે કયારેક કલબમાં જવા લાગ્યાં. અપૂર્વ પોતાની દુનિયામાં મસ્ત હતો. તેનું મિત્ર વર્તુળ વધતું હતું. રાતે મોડે ઘેર આવવું. બહાર હોટેલમાં જ ખાઈ લેવું એ બધું તેના માટે રોજીંદું બની રહ્યું હતું. અનામિકા પણ પોતાની જિંદગીમાં મસ્ત રહેવા લાગી હતી. તેના પણ ઘણાં દાસ્ત બની ગયેલા.

અભ્યાસની સાથે કૉલેજ કલબની રંગીન જિંદગી એ અનામિકાના જીવનમાં રંગો ભરી દીધા હતા. સમય કયારેક જિંદગી સાથે રમત રમી જતો હોય છે. અનામિકા કૉલેજમાં હંમેશા અભ્યાસમાં અગ્રસ્થાને રહેતી હતી. તેની સાથે સાથે દરેક એક્ટિવીટીમાં ભાગ લેતી અને ઈનામો પ્રાપ્ત કરતી હતી. તેના મિત્રો ઘણા હતા પણ કોઈની હિંમત નહોતી કે તેની સાથે જબરજસ્તી કરી શકે. તેની સુંદરતા અને તેજતરાર સ્વભાવના સૌ દિવાના હતા.

તેની સામે ટકવાની કોઈની હિંમત નહોતી. તેની મમ્મી પણ તેને સમજાવતી. અનામિકા તું તો સમજદાર છે. બેટા જોજે જમાનો બહુ ખરાબ છે. રાઈનો પહાડ બનાવી દેશે. કોઈ પણ પગલું ભરતાં ખુબ વિચારી લેજે. ત્યારે અનામિકા તેની મમ્મીને સમજાવતી ના, મમ્મા હું એવું કોઈ ખોટું કામ નહીં કરું. અને રહ્યો પણ જમાનાનો તો જમાનો ખરાબ નથી. આપણા વિચારો, ભાવનાઓ અને દૃષ્ટિકોણ ખોટા છે. જમાનો તો એ જ છે. જમાનો આપણા લીધે છે. આપણે જમાના માટે નથી. આ સમાજ, આ પરંપરાઓ, આ રીતરિવાજો આપણી સાથે જોડાયેલા છે. આપણે તેનાથી બંધાયેલા નથી.

'આપણે...'

'ઓ.કે. મમ્મા!' અને અલ્પનાબહેન સુપ થઈ જતાં. દીકરીની આવી વાતો સાંભળીને દિવસો વીતવા લાગ્યા. અનામિકાનું જીવન ઘર-ઘરથી કૉલેજ, મિત્રો અને હરવા ફરવાનું, તે બધે જ સૌના દિલ જીતી લેતી હતી.

વસંતપંચમીનો દિવસ હતો. તેના સંદર્ભે ઉજવણી થઈ રહી હતી. અનામિકાએ પણ તેમાં ભાગ લીધો હતો. આજે તે અન્ય દિવસો કરતાં વધુ સુંદર લાગતી હતી. તેણે પીળા રંગની બાંધણી પહેરી હતી. અને લાંબા વાળમાં વેણી નાંખી છૂટ્ટા મુકી દીધા હતા. તે સ્મિત આપતી હાય, હલ્લો કરતી આગળ વધતી મીસીસ અદીતી દેસાઈ પાસે જઈ રહી હતી. પુછવા માટે કે ઉત્સવ કેટલા વાગે શરૂ થવાનો છે. કેમ કે આજે તે ઉત્સવની કન્વીનર પણ હતી. જેવી એ મીસીસ દેસાઈના ઓરડામાં પ્રવેશવા ગઈ ત્યાં સામેથી આવતા અંગ્રેજીના લેકચરર અંકિત સાથે ઉતાવળમાં સહેજ ટકરાઈ. તેના હાથમાં બુકે હતું તે પડી જતાં તેના ફૂલો નીચે વિખરાઈ ગયાં. અંકિત તેને જોઈ મંત્રમુગ્ધ થતાં એકી નજરે જોઈ રહ્યાં. તે સોરી, કહેતાં મીસીસ દેસાઈની પાસે આવી. અંકિતે પાછા ફરી જરાં જોયું પછી જમીન પર વિખરાઈને પડેલાં ફૂલો ભેગા કરી ઉપાડીને દેસાઈના ટેબલ પર મુકતાં અનામિકાને કહ્યું, સૉરી, હમણાં એક નવું બુકે મંગાવી આપું છું. અંકિત આજે અનામિકા સામે દિલ હારી બેઠો હતો. મોં બીજી તરફ અનામિકાની પણ એ જ હાલત હતી.

થોડીવાર પછી ઉત્સવ શરૂ થયો. અનામિકાને કન્વીનરની હેસિયતથી સ્ટેજ પર બોલાવવામાં આવી. થોડી જ વારમાં પટાવાળાએ એક નવો સુંદર બુકે તેને લાવીને આપ્યો. તેના પર સ્લીપ લગાવેલી હતી. 'ઓનલી ફોર લવ' ફંકશન સારું રહ્યું. વસંતના ગીત અને નૃત્યો થયાં. અનામિકા ખોવાયેલી ખોવાયેલી ઘેર પહોંચી. અંક્તિનો ચહેરો સામે ઘુમતો હતો.

બીજે દિવસે વહેલી કૉલેજ હતી. કેમ કે પહેલો પીરીયડ અંગ્રેજીનો હતો. જે અંકિત લેતો હતો. તે ખાલી પડેલ ખુરશી પર બેસી ગઈ અને નોટ્સ તૈયાર કરવા લાગી. બંનેની આંખો મળી પ્રેમભરી નજરે બંનેએ એકબીજાનું સ્વાગત કર્યું. પછી તો આવું બધું ચાલતું રહ્યું. કૉલેજમાં બંને એકબીજાને ડિસ્ટર્બ કરતાં નહીં પણ કૉલેજ પછી બંને મળતાં. હવે લોકોમાં તેમનું સ્કેન્ડલ ચર્ચાવા લાગ્યું. લોકોની જીભે અંકિત અને અનામિકાનું નામ આવવા લાગ્યું.

હવે આ અફવા અંક્તિ અને અનામિકાના ઘર સુધી પણ પહોંચી. બંનેના ઘરનાં લોકો નારાજ થયા. તેમને કહી દીધું કે અમને આ સંબંધ મંજુર નથી. અંકિતની મમ્મીએ કહ્યું કે મેં તારા માટે છોકરી જોઈ રાખી છે. તેથી આ છોકરીનો વિચાર મનમાંથી કાઢી નાંખ. આ તરફ અનામિકાના માબાપ બંનેએ આ સંબંધનો ઈન્કાર કર્યો. કેટલાય દિવસો સુધી ઘરમાં તનાવનો માહોલ રહ્યો. પણ બંને દિલથી મજબુર હતા. સમય વિતતાં બંને સાથે રહેવાનું નક્કી કર્યું. કોઈ પણ બંધન વગર **(Live in relationship)** મિત્રો બનીને રહીશું. પછી માતાપિતાને સમજાવી રાજી કરી લઈશું. પ્રેમ પર પ્રબળ ઈચ્છાએ બળવો કર્યો. તેમને સમાજ-રીતરિવાજ, પરંપરાઓનું ઉલ્લંઘન કરી દોસ્તી અને પ્રેમના સંબંધને વધુ મહત્ત્વ આપ્યું. બંને પ્રેમના એવા સંબંધે જોડાઈ ગયા હતા કે અલગ રહેવું એ તેમનાં માટે મુશ્કેલ નહીં પણ અસંભવ હતું. બંને સાથે રહેવા લાગ્યાં. બંનેએ પોતપોતાના માતાપિતાને કહી દીધું કે તમે વિચારી જૂઓ, તમારે અમારાં લગ્ન કરાવી આપવાં પડશે. નહીંતર અમે તો આજ રીતે જીવવાનાં.

(ક્રમશઃ)

# પ્રેમની ભાષા એટલે મૌન અને પ્રેમનો શબ્દ વસંત

**જો કોઇ વ્યક્તિ એકમેકને પ્રેમ કરવાનો દાવો કરતી હોય અને પછી એકમેકની ખામીઓ અને ટીકાઓની જ ચર્ચા કરતા હોય તો એ બે વ્યક્તિ વચ્ચે પ્રેમ નથી પરંતુ પ્રેમનો ભ્રમ-આભાસ છે**

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

અંગ્રેજી સાહિત્યકાર જોનાથન સ્વિફ્ટ લખે છે કે પ્રેમ તમને જીવન જીવતા શીખવાડે છે. પ્રેમ તમને માનવ્યનું વરદાન આપે છે. પ્રેમ વિના જીવન માત્ર ખાલીપો છે.

પ્રેમની ભાષા એટલે મૌન અને પ્રેમનો શબ્દ એટલે ઋતુકલ્પ વસંત. જયારે પ્રણયને પાંખ આવે અને હૃદય ગગનવિહાર કરવા લાગે છે ત્યારે એ સ્વૈરવિહારનો આનંદ અવર્ણનીય હોય છે. એક વ્યક્તિ કશું જ ન બોલે અને બીજી વ્યક્તિ બધું જ સમજી જાય એ પ્રેમ છે. પ્રેમ એટલે મૌનની પરિભાષા. મૌનનો દસ્તાવેજ એટલે જ પ્રેમ. જયાં શબ્દો ઓગળતા જાય અને મૌન શ્વાસોશ્વાસ બનીને ભીતરની આરપાર અવરજવર કરતું રહે એ પ્રેમ છે.

એક સરસ મજાની સંવેદન કથા છે. એક યુવતી દરરોજ સવારે નિયમિત સમયે બસમાં મુસાફરી કરે. તેની સાથે જ મુસાફરી કરતો યુવાન એને પસંદ કરવા લાગ્યો. યુવાન એ યુવતી સાથે કોઈને કોઈ રીતે વાત કરવાનો અવશ્ય પ્રયત્ન કરતો. ક્યારેક યુવતીની બાજુની સીટ ઉપર પણ યુવાનને બેસવા મળતું ત્યારે તે ખુશ થઈ જતો. યુવતીનું ઉતરવાનું સ્થળ આવે એટલે તે ઉતરી જાય. એ પછી યુવાનને એકલું એકલું પણ લાગે. યુવતી કાળા ગોગલ્સ પહેરે તે આ યુવાનને ન ગમે. કારણ કે ગોગલ્સના કારણે યુવતીની આંખોના હાવભાવ આ યુવાન પામી શકતો નહી.

યુવાને એક વાર કહ્યું પણ ખરું કે, તમે ગોગલ્સ કેમ કાયમ પહેરી રાખો છો, ક્યારેક ગોગલ્સ કાઢી નાખો ને...

પરંતુ યુવતી એમ કરતી નહીં અને સામો સવાલ કરતી કે , ગોગલ્સને અને તમારી સાથે વાતચીત કરવાને કોઈ સંબંધ નથી. તમારી સાથે વાતો કરવાનું ગમે છે. એમાં ગોગલ્સ વચ્ચે આવતા જ નથી.

એક દિવસ યુવાને પોતાના મનની વાત યુવતીને કહી જ દીધી કે, હું તમને પસંદ કરું છું, તમને ચાહવા લાગ્યો છું. હું તમારી સાથે લગ્ન કરવા માગું છું.

હવે આ યુવતીએ પોતાની આંખો પરથી ગોગલ્સ હટાવ્યા અને કહ્યું કે, ઓહ, એમ વાત છે. ચાલો, સરસ. હું પણ તમને પસંદ કરું છું.

યુવતીએ ઈરાદાપૂર્વક જ ગોગલ્સ આંખો પરથી હટાવ્યા હતા અને તેને જોઈને યુવાન તો ઘડીભર માટે હેબતાઈ જ ગયો. તેની પોતાની આંખો વિશ્વાસ કરી શકતી નહોતી કે તે જે યુવતીને ચાહે છે અને લગ્ન કરવા માગે છે તે યુવતીની આંખોની રોશની તો ચાલી ગયેલી છે.

યુવતીએ સવાલ કર્યો કે, કેમ, શું થયું? આમાં અચંબો પામવા જેવું કશું નથી. તું મને ચાહે છે કે માત્ર મારી આંખોને? જો મને ચાહતો હોય તો મારી આંખોની કમી તરફ જોવાની તારે કોઈ જરુર નથી અને જો તને મારી આ કમી જ દેખાતી હોય તો મારે તને પસંદ કરવાની કોઈ જરુર નથી.

આખરે પ્રેમનો વિજય થયો. યુવાને યુવતીની આંખોની બાબતને નજરઅંદાજ કરી અને એને પોતાની જીવનસંગિની બનાવી લીધી. પ્રેમની વિશેષતા જ આ છે કે એ તમારામાં ફક્ત સારી બાબતોને જ જુએ છે. તમારી ખોડખાંપણને પ્રેમ જરા પણ જુએ નહીં ઉલટાનું પ્રેમ તો આવી બાબતોને નજરઅંદાજ કરી દેતો હોય છે.

જયારે કોઈ યુવાન કોઈ યુવતી સમક્ષ પ્રેમનો એકરાર કરે છે, પછી બેઉને એકમેકની ખામીઓ પણ ખુબીઓ જ લાગવી જોઈએ. પ્રેમ તમને ખામીઓ જોવા દેતો નથી. પ્રેમ હંમેશા એકબીજાની સારપને જ જુએ છે. પ્રેમ તમારી ખામીઓ, ખરાબ બાજુઓને ઢાંકી આપે છે. આ જ તો પ્રેમ છે.

જો કોઈ વ્યક્તિ એકમેકને પ્રેમ કરવાનો દાવો કરતી હોય અને પછી એકમેકની ખામીઓ અને ટીકાઓની જ ચર્ચા કરતા હોય તો એ બે વ્યક્તિ વચ્ચે પ્રેમ નથી પરંતુ પ્રેમનો ભ્રમ-આભાસ છે. સો ટચનો પ્રેમ સોના જેવો હોય. એમાં તાંબા કે બીજી ધાતુની ભેળસેળ ન ચાલે.

**સ્ટોપરઃ-**

સભી સે દૂર કા પાસ કા રિશ્તા નિકલ આયા
જિસે ભી ગૌર સે દેખા વહ અપના નિકલ આયા

**- નિદા ફજલી**